જામનગર મહાનગરપાલિકા
ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ
ફોન નં. (0288)-2672208, & 101, E-mail : jmcfire7@gmail.com

Azadi Ka Amrit Mahotsav

## નવરાત્રી આયોજક દ્વારા કરેલ આયોજનમાં જાહેર સલામતી અર્થે કરવા જોગ ફાયર સેફટી અંગેની જાહેર નોટીસ

| | |
|---|---|
| ૧ | નવરાત્રી આયોજક દ્વારા કોઇપણ મંડપ, પંડાલ કે ટેમ્પરરી સ્ટ્રક્ચરનું સ્ટેજ બનાવે ત્યારે સ્કૂલ, હોસ્પિટલ, જ્વલનશીલ પદાર્થના ગોડાઉન ઈત્યાદીથી દુર નિર્માણ કરવાનું રહેશે. આ માટે મંડપમાં ફાયરના વાહનો આવી શકે તે મુજબ રોડ, રસ્તા ખુલ્લા રાખવાના રહેશે તથા અવરોધક વસ્તુઓ દુર કરવાની રહેશે. |
| ૨ | નવરાત્રી આયોજક દ્વારા કોઇપણ મંડપ કોઇપણ પ્રકારની ભઠ્ઠી, ઇલેક્ટ્રિક સબ સ્ટેશન, ઇલેક્ટ્રિક ટ્રાન્સફરમર, ઇલેક્ટ્રિક સબ સ્ટેશન, ઇલેક્ટ્રિક હાઈટેન્શનલાઈન કે રેલ્વે લાઇન દુર કરવાના રહેશે. |
| ૩ | આયોજક દ્વારા કોઇપણ સ્ટ્રક્ચરની અંદર કોઇપણ પ્રકારના સ્ટોલ બનાવવાના રહેશે નહિ તથા આ સ્ટ્રક્ચરના સ્ટેજની નજીક કે સ્ટેજના નીચેના ભાગમાં આગ લાગી શકે તેવા કોઇપણ પ્રકારના ઘન કે પ્રવાહી પદાર્થનો સંગ્રહ કરવાનો રહેશે નહિ. |
| ૪ | નવરાત્રી આયોજક દ્વારા સ્ટ્રક્ચરની અંદર તથા બહાર સરળતાથી વાંચી શકાઉ તે મુજબ અચૂક ઓટો ગ્લોવ મટીરીયલમાં સાઈન લગાવવા – "NO SMOKING ZONE" , "EXIT" , "EMERGENCY EXIT" |
| ૫ | આયોજક દ્વારા કોઇપણ મંડપ, પંડાલ કે ટેમ્પરરી સ્ટ્રક્ચરનું સ્ટેજ બનાવે કે તેના પડદા અને કાર્પેટને ફાયર રીટાઇન્ડન્ટ પેઈન્ટ કરાવવા વધુમાં જમીન ઉપર બીછાવવા જોગ કાર્પેટ પણ આગ અકસ્માતથી સુરક્ષિત રહે તે મુજબ રાખવાના રહેશે. |
| ૬ | આયોજકો દ્વારા મંડપમાં કરાવવામાં આવતા ઇલેક્ટ્રિક વાયરીંગ પ્રવર્તમાન વિજળી અધિનિયમ મુજબના કરાવવાના રહેશે તથા મંડપમાં કરવામાં આવેલ તમામ ઇલેક્ટ્રિક વાયરીંગ અંગે ગવર્મેન્ટ એપ્રુવડ ઇલેક્ટ્રિક ઈજનેરશ્રી પાસે ચકાસણી કરાવવાની રહેશે. |
| ૭ | આયોજકો દ્વારા ડીઝલ જનરેટર સ્ટેજ અને અન્ય પંડાલ થી દુરના અંતરે રાખવાનું રહેશે. |
| ૮ | આયોજકો દ્વારા ઇલેક્ટ્રિકનું મુખ્ય સ્વીચ બોર્ડ એ.સી. અથવા જી.આઈ. માં બનાવવામાં આવેલ હોવું જોઈએ તથા આવા હંગામી મંડપથી દુરના અંતરે છલેક્ટ્રિક જંક્શન બોર્ડ પાઇલોટીંગ લાઈટ સાથે ઉપલબ્ધ કરાવવાના રહેશે. |
| ૯ | સંચાલકો દ્વારા કોઇપણ પ્રકારના ઇલેક્ટ્રિક લાઈટીંગ,બલ્બ કે ટ્યુબ લાઈટ કે તેના કોઈ પાર્ટ્સ મંડપના કોઈ ભાગ કે સુશોભન અથવા સળગી ઉઠે તેવી જ્વલંનશીલ સામગ્રીથી ઓછામાં ઓછા ૧૫ સે.મી.ની અંદર રાખવાના રહેશે. |
| ૧૦ | સંચાલકો દ્વારા આવા પંડાલમાં કે પંડાલની બહારના સળગી ઉઠે તેવી જ્વલંનશીલ સામગ્રી કે પદાર્થ, પ્રવાહી રાખવાના રહેશે નહિ. |
| ૧૧ | સંચાલકો દ્વારા આવા પંડાલમાં કે પંડાલની બહાર ફાયર ક્રેકર્સ કે રસોઈ બનાવાની સામગ્રી, ધૂમ્રપાનના સાધનો કે આગ લાગી શકે તેવા કોઈ પદાર્થ કે જ્યોત ઈત્યાદી રાખવાની રહેશે નહિ. |
| ૧૨ | સંચાલકો દ્વારા ધાર્મિક હેતુ માટે કરવામાં આવતા હવન,નાના હવનકુંડનો ઉપયોગ કરવામાં આવે ત્યારે પુરતી ફાયર સેફટીની સુવિધા ઉપલબ્ધ કરવાની તથા આવી જગ્યાની છત ઉપર સી.આઈ/જી.આઈ શીટ ૬ સે.મી. કરતા ઓછી ન હોય તે મુજબની રાખવાની રહેશે. |
| ૧૩ | સંચાલકો દ્વારા મંડપમાં માતાજીની મૂર્તિ પાસે રાખવામાં આવતા દિવા નીચે રેતી અચૂક રાખવાના રહેશે અને મંડપના સંચાલન અર્થે ઓછામાં ઓછા એક સ્વયંમસેવક રાઉન્ડ ધ કલોક ઉપલબ્ધ રાખવાના રહેશે. |
| ૧૪ | સંચાલકો દ્વારા મંડપમાં આગ અકસ્માતની સલામતી અર્થે માતાજીના ઉત્સવના તમામ સમયગાળા દરમ્યાન ફાયર એક્ષટીંગ્યુંશરના ઉપયોગ કરનાર જાણકાર પ્રશિક્ષિત વ્યક્તિઓને અચૂક રાઉન્ડ ધ કલોક રાખવાના રહેશે. |
| ૧૫ | સંચાલકો દ્વારા મંડપમાં આવતી જનમેદનીને સુચના આપવા અચૂક પબ્લિક એડ્રેસ સીસ્ટમ રાખવાની રહેશે. |
| ૧૬ | સંચાલકો દ્વારા પ્રત્યેક ૧૦૦ ચો.મી. વિસ્તારને ધ્યાને લેતા તેઓના મંડપમાં માતાજી ઉત્સવના તમામ સમયગાળા દરમ્યાન ૦૨ નંગ ABC ફાયર એક્ષટીંગ્યુંશર ૦૬ કી.ગ્રા.ની ક્ષમતાના તથા ૦૨ નંગ CO2 ફાયર એક્ષટીંગ્યુંશર ૪.૫ કી.ગ્રા.ની ક્ષમતાના અને ૨૦૦ લીટર પાણી ભરીને ડ્રમ ઢાકીને રાખવા તથા રેતી ભરેલી બે બાદલી અચૂક આ મંડપ પ્રીમાંસીસમાં ઉપલબ્ધ કરાવવાના રેહશે. |
| ૧૭ | સંચાલકો ને જણાવવામાં આવે છે કે, ઉક્ત સુચના ફક્ત ફાયર સેફટીના સલામતી અર્થે આપવામાં આવે છે. ફાયર વિભાગ સિવાયની અન્ય ઓથોરીટી જેવી કે, પોલીસ વિભાગ, ટ્રાફિક વિભાગ, મ્યુનિસિપલ કોર્પોરેશન ના અન્ય વિભાગો થકી આપવામાં આવતી સૂચનાઓનું પાલન તથા અમલવારી કરી અલગથી લાગત વિભાગના "ના-વાંધા પ્રમાણપત્ર" મેળવી લેવાના રહેશે. |
| ૧૮ | સંચાલકો દ્વારા ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઈફ સેફટી મેઝર્સ એક્ટ, રૂલ્સ અને રેગ્યુલેશન તેમજ વખતો-વખતના સુધારા, નેશનલ બિલ્ડીંગ પાર્ટ – ૪, IS- ૮૭૫૮ મુજબની જોગવાઈ ઉપલબ્ધ કરાવવાનું સેલ્ફ ડીકલેરેશન અચૂક રજુ કરવાનું રહેશે. |
| ૧૯ | આગ અકસ્માતના કેસમાં તાકીદે ફાયર વિભાગના ૧૦૧, (0288)-2672208, નંબર ઉપર સંપર્ક કરવાનો રહેશે. |
| ૨૦ | નવરાત્રી સંચાલકોને ફાયર વિભાગ દ્વારા વખતો-વખત આપવામાં આવતી સૂચનાઓનું અચૂક પાલન કરવાનું રહેશે. |
| ૨૧ | આ જાહેરાત જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની વેબસાઈટ https://mcjamnagar.com ઉપર ઉપલબ્ધ છે. |
| ૨૨ | ફાયર વિભાગ ઉક્ત સૂચનોમાં જરૂરીયાત મુજબ વધારો / ઘટાડો કરવાનો અબાધિત અધિકાર રાખે છે. |

ચીફ ફાયર ઓફિસર
ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસીસ
જામનગર મહાનગરપાલિકા